શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ડાયાલીસીસ વિભાગ
(સહયોગી સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)
શહેરના કીડની રોગની તકલીફ ધરાવતા જરૂરીયાતમંદ દર્દીઓ માટે સંસ્થા સંચાલિત ડાયાલીસીસ વિભાગમાં ઘર જેવું સુવિધામય, સ્વચ્છ, નિરામય વાતાવરણ અને અદ્યતન સાધનોથી સુસજ્જ ડાયાલીસીસની સારવાર ખૂબ જ નજીવા દરે તથા સરકારશ્રીની PMJAY યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
24 x 7 ઈમરજન્સી સારવાર માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
(સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેધાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ બીજ રવિવાર ૩૦ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૩
પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# વેનેઝુએલાના 65 અબજ બેરલ ક્રુડ પર અમેરિકાનો કબ્જો



**પ્રમુખ** માદુરોને પકડીને વેનેઝુએલા લઇ જવાયાના નવ મહિના બાદ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આ કરારની જાહેરાત કરી

**વિશ્વ** ઇતિહાસનો સૌથી મોટો ઓઇલ સોદો

**હોર્મુઝ** કટોકટી અને અમેરિકામાં પેટ્રોલના વધતા ભાવો વચ્ચે હાથ ધરાયો મોટો કૂટનૈતિક દાવ

### ૧૦૦ અબજ ડોલરનું પ્રાઇવેટ ઇન્વેસ્ટમેન્ટ

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ જણાવ્યું કે આ કરારથી વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં આશરે ૧૦૦ અબજ યુએસ ડોલરનું ખાનગી રોકાણ આવશે. તેનાથી વેનેઝુએલાની આર્થિક સ્થિતિ સુધરશે અને અમેરિકામાં પણ પેટ્રોલના ભાવ નીચે લાવવામાં મદદ મળશે.

**વૉશિંગ્ટન, તા. 29 (AP):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે જણાવ્યું હતું કે અમેરિકાએ વેનેઝુએલા સાથે તેના ઓઇલ અનામત જથ્થાના ૬૫ અબજ બેરલ ક્રૂડ ઓઇલ પર પોતાનો કાબૂ મેળવવા માટે કરાર કર્યા છે.

ટ્રમ્પે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં કરારની જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ કરાર માટેની વાટાઘાટો સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો, સંરક્ષણ સચિવ પીટ હેગસેથ અને વેનેઝુએલાના વચગાળાના પ્રમુખ ડેલસી રોડ્રિગ્ઝ દ્વારા કરવામાં આવી હતી. ટ્રમ્પે લખ્યું, "યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ હમણાં જ વેનેઝુએલા દેશ સાથે એક કરાર કર્યો છે, જે વિશ્વ ઈતિહાસનો સૌથી મોટો ઓઈલ સોદો છે!" વેનેઝુએલા સરકારની પ્રેસ ઓફિસે ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક કોઈ જવાબ આપ્યો ન હતો.

કરારની આ જાહેરાત એના નવ મહિના પછી આવી છે જ્યારે અમેરિકાના લશ્કરે ટ્રમ્પના આદેશ પર વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને પકડ્યા હતા અને તેમને ફેડરલ નાર્કોટિઝમ અને ડ્રગ ટ્રાફિકિંગના કેસોનો સામનો કરાવવા માટે અમેરિકા લઈ જવામાં આવ્યા હતા. ટ્રમ્પ પેટ્રોલની ઉંચી કિંમત અંગે વધતા દબાણનો સામનો કરી રહ્યા છે જ્યારે ઈરાન યુદ્ધ શુક્રવારે છ મહિનાના સીમાચિન્હ પર પહોંચ્યું હતું અને તેનું કોઈ નિરાકરણ દ્રશ્યમાન થતું નથી. ઈરાન સામેના

...અનુસંધાન પાના 10 પર

લાપતા ભારતીય યાત્રાળુઓ અંગે ભયંકર વાસ્તવિકતા બહાર આવવાના સંકેતો

## ખંડેર બનેલી ચેકપોસ્ટ પર 4 દિવસ બાદ પહોંચી ચીની રેસ્ક્યૂ ટીમ



ગ્યાલોંગ ઇમિગ્રેશન સેન્ટર પર પહોંચેલી ચીની બચાવકારોની ટીમને કોઇ બચ્યું હોવાના સંકેતો મળ્યા નહીં

**સદગુરુના** ઇશા ફાઉન્ડેશનના ૮૦ સભ્યો સહિત અનેક કૈલાસ માનસરોવર યાત્રાળુઓ પૂરના સમયે આ જ સ્થળે હોવાનું માનવામાં આવે છે

**કૈલાસ** માનસરોવરના યાત્રિકો કાટમાળ અને કાદવના થર નીચે હોવાની આશંકા

**કાઠમંડુ, તા. 29 :** નેપાળ-તિબેટ સરહદ પ્રદેશમાં વિનાશક ઘોડાપૂરના ચાર દિવસ પછી, ચીની બચાવકર્મીઓ આખરે ગ્યાલોંગ ઇમિગ્રેશન સેન્ટર પર પહોંચ્યા, જે પાણી અને કાદવના વિશાળ પ્રવાહમાં ગરકાવ થઈ ગયું હતું. જો કે, બચાવ ટીમને સરહદ ચોકી પર ખંડેરો સિવાય કંઈ મળ્યું નહીં, જ્યાં પૂરના સમયે કેટલાક ભારતીય તીર્થયાત્રીઓ હોવાનું કહેવાય છે - જેઓ કૈલાસ માનસરોવર યાત્રા માટે તિબેટ જઈ રહ્યા હતા અથવા યાત્રા પૂર્ણ કરીને પાછા ફરી રહ્યા હતા. આધ્યાત્મિક ગુરુ સદ્દગુરુની ઈશા ફાઉન્ડેશનની 80 સભ્યોની ટીમ પણ દુર્ઘટના સર્જાઈ ત્યારે આ ઇમિગ્રેશન સેન્ટર પર હાજર હતી.

ચેકપોસ્ટ કે તેની આસપાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નામિશાન બચ્યું નથી, અને આ વિસ્તારનો મોટો ભાગ કાટમાળ તથા કાદવના જાડા થરો નીચે દટાઈ ગયો છે. ગ્યાલોંગ જવાના રસ્તાનો મોટો ભાગ નાશ

...અનુસંધાન પાના 10 પર

## ભારતની ટનલ-રેસ્ક્યુ ટીમ નેપાળ પહોંચી

**હાઇડ્રોપાવર** પ્રોજેક્ટોની ટનલોમાં ફસાયેલા કામદારોને બહાર કાઢવાના કાર્યમાં જોડાઇ

**નેપાળે** ભારતના પ્રયાસોની પ્રશંસા કરી, વડાપ્રધાન મોદીને ઉદાર ગણાવ્યા

**કાઠમંડુ, તા. 29 (PTI):** ભયાનક ઘોડા પૂર બાદ હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગોમાં ફસાયેલા કે લાપતા થયેલા કામદારોને બચાવવાના ચાલુ પ્રયાસોમાં વિશિષ્ટ તકનીકી સહાય પૂરી પાડવા માટે તબીબી કર્મચારીઓ અને ટનલ-રેસ્ક્યૂ નિષ્ણાતો સહિતની 11 સભ્યોની ભારતીય ટીમ શનિવારે નેપાળ પહોંચી હતી.

નેપાળ સરકારની વિનંતીથી મોકલવામાં આવેલી આ ટીમ ચિલિમે અને લાંગટાંગ વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યા પછી ત્રિશૂલી વિસ્તારમાં પહોંચી હતી અને બચાવ કામગીરી માટે પરિસ્થિતિનું મૂલ્યાંકન શરૂ કર્યું હતું, એમ નેપાળી સત્તાવાળાઓએ જણાવ્યું હતું. નેપાળ ખાતેના ભારતીય દૂતાવાસે પણ એક્સ પર પોસ્ટ મૂકીને ભારતીય ટીમની કામગીરીની માહિતી આપી હતી. નેપાળ-તિબેટ સરહદ નજીક રસુવા ખાતે આવેલા ત્રિશૂલી-3A હાઈડ્રોપાવર પ્રોજેક્ટની સુરંગમાં ફસાયેલા હોવાની શંકા ધરાવતા લોકોને બહાર કાઢવા અને કાટમાળ હટાવવા માટે નેપાળ આર્મી, આર્મ્ડ પોલીસ ફોર્સ અને નેપાળ પોલીસના જવાનોની બનેલી 82 સભ્યોની સંયુક્ત સુરક્ષા ટીમ શુક્રવાર રાતથી કાર્યરત છે. સુરંગના પ્રવેશદ્વાર પર કાદવ અને કાટમાળ જમા થવાને

...અનુસંધાન પાના 10 પર

## તિબેટમાં ફસાયેલા ભારતીય યાત્રાળુઓ સરહદ પાર કરીને નેપાળ પરત ફર્યા

**બેઈજિંગ, તા. 29 (PTI).** વિનાશક અને અચાનક આવેલા પૂરને કારણે ગાઈરોંગ સરહદ ચોકી નાશ પામ્યા પછી તિબેટમાં ફસાયેલા મોટી સંખ્યામાં ભારતીય યાત્રાળુઓએ શનિવારે વૈકલ્પિક સરહદ બિંદુ દ્વારા નેપાળ પરત ફરવાનું શરૂ કર્યું હતું.

ગાઈરોંગ-નેપાળ સરહદ ચોકી નેપાળના રસ્તે તિબેટ આવવા-જવા માટે મુખ્ય રસ્તો છે. બુધવાર આવેલા વિનાશક આકસ્મિક પૂર, જેમાં 600થી વધુ લોકો માર્યા ગયા છે, તેમાં સરહદ ચોકી નાશ પામ્યા પછી સેંકડો વિદેશી પ્રવાસીઓ, જેમાંથી મોટા ભાગના કૈલાસ માનસરોવર યાત્રામાં ભાગ લેનારા યાત્રાળુઓ હતા, ફસાઈ ગયા હતા.

ફસાયેલા કેટલાક ભારતીયો

...અનુસંધાન પાના 10 પર

### સજ્જન કુમારના ઘરે બેસવા જનાર ભાજપના ત્રણ સાંસદોને નબીનનો ઠપકો

**નવી દિલ્હી, તા. 29:** ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ નિતિન નબિને દિલ્હીના ત્રણ લોકસભા સાંસદોને, 1984ના શીખ વિરોધી રમખાણોના કેસમાં દોષિત ઠરેલા ભૂતપૂર્વ કોંગ્રેસ સાંસદ સજ્જન કુમારના અવસાન બાદ તેમના પરિવારને મળવા અને શોક વ્યક્ત કરવા જવા બદલ ઠપકો આપ્યો છે. આ સાંસદો – કમલજીત સેહરાવત, રામવીર સિંહ બિધૂડી અને યોગેન્દર ચાંદોલિયા તાજેતરમાં સજ્જન કુમારના નિવાસ્થાને ગયા હતા અને તેમના પરિવારના સભ્યોને મળ્યા હતા. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ પ્રમુખે આ પગલાં સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. આ ત્રણેય સાંસદોને ભાજપ વડાએ બોલાવ્યા હતા અને તેઓ સજ્જનકુમારના

...અનુસંધાન પાના 10 પર

## તમારી જાતને ભગવાન માનો છો?: મહારાષ્ટ્ર FDAને હાઈકોર્ટનો સખત ઠપકો

**મચ્છર** મારવા તલવાર ન ચલાવો": FDAની ઉતાવળી કાર્યવાહી પર હાઈકોર્ટ લાલઘૂમ, જેલ ભેગા કરવાની ચીમકી



### MCAની કેન્ટિન અને સિપ્લાના યુનિટના લાયસન્સો રદ કરવાના આદેશો FDAએ પાછા ખેંચવા પડ્યા

એફડીએએ એમસીએની કેન્ટિનોના લાયસન્સો નિયમભંગનું કારણ આપી રદ કર્યા હતા. આ ખાણીપીણીની જગ્યાઓ બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ વિસ્તારમાં MCA પરિસરમાં આવેલી છે. ગુરુવારે હાથ ધરાયેલી તાજી તપાસમાં તે ફૂડ સેફ્ટીના નિયમોનું 88 ટકા પાલન કરતી જણાઈ હતી.છતાં, FDA એ શરૂઆતમાં લાયસન્સ MCA ના નામે હોવા છતાં આ ખાણીપીણીની જગ્યાઓ M/s શિરકે

...અનુસંધાન પાના 10 પર

**મુંબઈ, તા. 29 :** બોમ્બે હાઈકોર્ટે શનિવારે મહારાષ્ટ્ર એફડીએ (અન્ન અને ઓષધ નિયંત્રક) ને બેવડો આંચકો આપ્યો હતો, જ્યારે કે તેણે આ નિયામક ને "કુદરતી ન્યાયના સિદ્ધાંતો" ની વિરુદ્ધ કામ કરવા બદલ અને "વ્યવહારુ દ્રષ્ટિકોણ અપનાવવાના બદલે અત્યંત સંકુચિત દ્રષ્ટિકોણ" રાખવા બદલ ઠપકો આપ્યો હતો, જેના કારણે એફડીએને તેના બે મોટા લાયસન્સ સસ્પેન્શન આદેશ પાછા ખેંચવા પડ્યા હતા. મુંબઈ ક્રિકેટ એસોસિએશનના

...અનુસંધાન પાના 10 પર

## એવરેસ્ટ મસાલા અને લાલજી ગોધૂ કંપનીને હિંગ વેચવાની FSSAIની મનાઈ

**આ બંને** જાણીતી કંપનીઓની હિંગના પાવડર નબળી ગુણવત્તાના અને ખોટી રીતે લેબલ કરાયેલા જણાયા

**નવી દિલ્હી, તા. 29 (PTI):** ખાદ્ય નિયમનકાર FSSAIએ શનિવારે જણાવ્યું હતું કે તેણે એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને લાલજી ગોધૂને હિંગ પાવડરનું વેચાણ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે, જે નબળી ગુણવત્તાવાળો જણાયો હતો.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(FSSAI) એ સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી હતી કે તેણે એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ અને લાલજી ગોધૂ એન્ડ કંપની સામે પ્રતિબંધના આદેશો જારી કર્યા છે કારણ કે તેમના 'હિંગ પાવડર' ઉત્પાદનો નબળી ગુણવત્તાવાળા જણાયા હતા. એવરેસ્ટના કેસમાં, FSSAI એ તાત્કાલિક અસરથી કમ્પાઉન્ડેડ અસાફોટિડા(હિંગ) વેરિઅન્ટ્સના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. નિયમનકારે જણાવ્યું હતું કે, પ્રાથમિક ખાદ્ય પ્રયોગશાળાના ફૂડ એનાલિસ્ટમાં કમ્પાઉન્ડેડ અસાફોટિડા ના નમૂનાઓ 'ખોટી રીતે લેબલ થયેલા અને નબળી ગુણવત્તાવાળા' હોવાનું જણાયું હતું.

લાલજી ગોધૂના મામલામાં, FSSAI એ જણાવ્યું હતું કે કંપનીને હિંગ પાવડર વેચવા પર પ્રતિબંધ

...અનુસંધાન પાના 10 પર

## ગલવાન હિંસાના માસ્ટરમાઈન્ડ ઝાઓની હકાલપટ્ટી

**જિનપિંગે** ચીનની સર્વોચ્ચ સંસ્થામાંથી કાઢ્યા બહાર

**ગલવાનમાં** ભારત-ચીનના સૈનિકોની અથડામણ થઇ તે સમયે જનરલ ઝાઓ ઝોંગકી ચીની લશ્કરના પશ્ચિમી વિભાગનો હવાલો સંભાળતા હતા

**તેમણે** જ ભારતને પાઠ ભણાવવા ગલવાનમાં હુમલાનો આદેશ આપ્યો હોવાનું મનાય છે

**સર્વોચ્ચ** સલાહકાર સમિતિમાંથી કાઢી મૂકવા માટે કોઇ કારણ અપાયું નહીં

**બૈજિંગ, તા. 29 :** ચીને જનરલ ઝાઓ ઝોંગકીને દેશની સર્વોચ્ચ રાજકીય સલાહકાર સંસ્થામાંથી હટાવી દીધા છે. ભારત સામેના ૨૦૧૭ના ડોકલામ વિવાદ અને ૨૦૨૦ના ગલવાન ખીણના ઘર્ષણ સમય તેમણે પીપલ્સ લિબરેશન આર્મી(PLA)ના વેસ્ટર્ન થિયેટર કમાન્ડની કમાન સંભાળી હતી. બાદમાં એવા અહેવાલો આવ્યા હતા કે ઝાઓએ ભારતને પાઠ ભણાવવા માટે ગલવાન ઓપરેશનને મંજૂરી આપી હતી.

પીએલએનું પશ્ચિમ કમાન્ડ તિબેટ અને શિનજિયાંગ તેમજ ભારત સાથેની ચીનની સરહદના મોટાભાગના ભાગોમાં ચીની લશ્કરી કામગીરીનું નિયંત્રણ કરે છે. ઝાઓ પાસેથી ચાઈનીઝ પીપલ્સ પોલિટિકલ કન્સલ્ટેટિવ કોન્ફરન્સ(CPPCC)નું સભ્યપદ છીનવી લેવામાં આવ્યું છે અને અન્ય બે પદો પરથી પણ મુક્ત કરવામાં આવ્યા છે. બેઈજિંગે ન તો ઝાઓને હટાવાનું કારણ જણાવ્યું અને ન તો તેમની સામે કોઈ તપાસની જાહેરાત કરી. ઝાઓને હટાવવાથી એવી અટકળો તેજ થઈ ગઈ છે કે ચીનના પ્રમુખ ઝી જિનપિંગ દ્વારા પીએલએમાં ચલાવવામાં આવી રહેલા વર્ષો લાંબા શુદ્ધિકરણ અભિયાનમાં તેઓ તાજેતરના વરિષ્ઠ લશ્કરી અગ્રણી છે.

ઝાઓની હકાલપટ્ટી એવા સમયે થઈ છે જ્યારે જિનપિંગના ચીને "શિસ્ત અને કાયદાના ગંભીર ભંગ" શંકાસ્પદ કેસોની તપાસ બાદ સ્ટેટ



સેન્ટ્રલ મિલિટરી કમિશનમાંથી અન્ય બે વરિષ્ઠ જનરલ, ઝાંગ યુઝિયા અને લિયુ ઝેનલીને હટાવી દીધા છે, તેમ ન્યૂઝ એજન્સી રોઈટર્સે અહેવાલ આપ્યો છે. ૨૦૧૨માં શરૂ કરાયેલું ઝીનું ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન, જેને નિષ્ણાતોએ "શુદ્ધિકરણ" ગણાવ્યું છે, તેમાં અસંખ્ય વરિષ્ઠ અધિકારીઓની તપાસ કરવામાં આવી છે, તેમને હટાવવામાં આવ્યા છે કે બહાર કરવામાં આવ્યા છે. ૨૦૧૭માં જ્યારે ચીની અને ભારતીય સૈનિકો ડોકલામ ખાતે ૭૨

...અનુસંધાન પાના 10 પર

### તા. ૨૯-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૬૯૦ મીમી |
| --- | --- | --- |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૫.૫૯ ફૂટ | આઉટફ્લો ૬૦૮૫ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૨.૪૦ સે. | ૨૬.૬૦ સે. | ૭૩% |

